## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાલુ, આપણું શું થશે...? એક સરકાર પૈસાદાર થવા નથી દેવાની અને બીજી... ગરીબ...!!

# વૈષ્ણોદેવી પાસે સાંજના સર્કલ જામ

### ચારે બાજુથી આવતા વાહનોને અનુલક્ષી યોગ્ય ટ્રાફિક સંચાલન થતુ નથી : વૈષ્ણોદેવી સર્કલ ક્રોસ કરવાનુ વાહનચાલકો માટે કસોટીરૂપ : નાગરિકો તોબા

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગર એસ જી હાઈવે પર સ્થિત વૈષ્ણોદેવી સર્કલ સાંજના સમયે ક્રોસ કરવાનુ આકરી કસોટી સમાન બન્યુ છે. ચારેબાજુથી ઉમટી પડતા વાહનોના લીધે આ વિસ્તારમાં ટ્રાફિકનુ યોગ્ય સંચાલન ન થતા સર્કલ લોક થઈ જાય છે. સર્કલ ક્રોસ કરવાનુ વાહનચાલકો માટે શિરદર્દ સમાન બન્યુ છે. જેના લીધે પ્રદુષણની સમસ્યા પણ વધી છે. આ સર્કલ વિસ્તારમાં ટ્રાફિકનુ સંચાલન યોગ્ય રીતે થાય તે મુજબની વ્યવસ્થા કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.


ગાંધીનગરમાં વૈષ્ણોદેવી સર્કલ પર ટ્રાફિકની સમસ્યા એટલી હદે વધી ગઈ છે કે હવે આ રૂટમાં નિકળવાનુ પણ વાહનચાલકો ટાળે છે. ચિલોડા સરખેજ રૂટની કામગીરી દરમિયાન આ રૂટ પર ઓવર બ્રિજનુ નિર્માણ કરાયા બાદ આ સમસ્યાનો હલ થશે પરંતુ હાલ આ રૂટમાં અવરજવર કરવાનુ મુશ્કેલ બન્યુ છે. તેમાંય સાંજના સમયે આ સર્કલને ક્રોસ કરવા માટે ધીરજની કસોટી થાય છે. ચારે તરફથી આવતા વાહનોનુ યોગ્ય ટ્રાફિક સંચાલન ન થતા સર્કલ વચાળે જ ટ્રાફિક જામ થઈ જાય છે. વાહનોની મોટી કતાર વચ્ચે પ્રદુષણની માત્રા પણ વધી જાય છે. જયારે ટ્રાફિકમાં સલવાયા બાદ નિકળતા પણ ઘણો સમય લાગી જાય છે. આ સર્કલ પાસે એક બાજુથી ભારે વાહનોની પણ અવરજવર રહે છે.જયારે ચારે બાજુથી વાહનો આવતા હોવાની સાથે સર્કલ પાસે ઉભા રહેતા ટ્રાફિક પોલીસ પણ ઝીબ્રા ક્રોસિંગ પાસેથી ટ્રાફિકનુ સંચાલન કરે છે. જેના લીધે સર્કલ વિસ્તાર સુધી ઘસી આવતા ટ્રાફિકના લીધે સર્કલ લોક થઈ જાય છે. જયારે બાજુમાં સ્થિત સર્વિસ રોડ પરથી ડાબી બાજુ વળાંક લેતા વાહનો જ નિકળતા નથી. સર્વિસ રોડ પરથી આગળ વધીને વાહનો ક્રોસ રોડ પર ટર્ન કરતા ટ્રાફિકની સિસ્ટમ જળવાતી નથી. સાંજના સમયે ૬ થી ૮ ના સમયગાળામાં આ વિસ્તારમાંથી નિકળવાનુ અત્યંત મુશ્કેલ બન્યુ છે. ત્યારે વૈષ્ણોદેવી સર્કલ પાસે લોક થતા ટ્રાફિકને અટકાવવા તેમજ વાહનચાલકોની સમસ્યાને હલ કરવા માટે ત્વરિત આયોજન કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામે છે. આ સમયગાળા દરમિયાન જતી એમ્બ્યુલન્સ પણ અટવાઈ જાય તેવી સ્થિતિ સર્જાય છે. ટ્રાફિકના ધુમાડા વચ્ચે આમ નાગરિકોએ સમય બગાડી હેરાનગતિ વેઠવી પડે છે.

# અમિત શાહ ૩૦મી માર્ચે બપોરે ૧૨ : ૩૯ કલાકે ઉમેદવારી પત્ર ભરશે

### માનવ સાંકળ રચીને વિવિધ વેશભુષામાં સજ્જ આગેવાનો તેમનુ સ્વાગત કરશે : અમદાવાદમાં રોડ શો ના અંતે ઘાટલોડિયા અને અડાલજ થઇ સવારે ૧૧ કલાકે સે-૬ના નવરાત્રિ મેદાનમાં પહોંચશે : ૨૫ હજાર જેટલા કાર્યકરો હાજર રહેશે

ગાંધીનગર તા ૨૭

આગામી લોકસભાની ચુંટણીને અનુલક્ષી અમિત શાહ તા ૩૦ માર્ચના રોજ બપોરે ૧૨ : ૩૯ કલાકે વિજયમુહુર્તમાં પોતાનુ



ઉમેદવારી પત્ર ભરશે. અમદાવાદમાં રોડ શો ના અંતે સવારે ૧૧ કલાકે તેમનુ આગમન સે-૬ માં નવરાત્રિ મેદાનમાં થશે. પક્ષના કાર્યકરો તેમજ વિવિધ સમાજ દ્વારા વૈવિધ્યસભર સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરીને તેમનુ સ્વાગત કરવામાં આવશે. આ દરમિયાન એક કી મી જેટલી લાંબી માનવસાંકળ રચવામાં આવશે. ગાંધીનગર ઉત્તર , દક્ષિણ સહીત માણસા,દહેગામ તેમજ પ્રાંતિજમાંથી ૨૫ હજાર જેટલા કાર્યકર્તાઓ પણ હાજર રહેશે. ઢોલ નગારાના નાદ વચ્ચે માનવ સાંકળ સાથે પોતાની ઉમેદવારી નોંધાવશે

આગામી લોકસભાની ચુંટણીને અનુલક્ષી રાજકીય પક્ષોમાં ઉત્તેજના છવાઈ છે. મતદાનની તારીખ જેમ જેમ નજીક આવતી જાય છે તેમ રાજકીય પક્ષો પણ તૈયારીમાં ગળાડુબ બનતા જાય છે. ગાંધીનગરની બેઠક પર થી ભાજપના રાષ્ટ્રીય નેતા અમિત શાહ ચુંટણી લડવાના હોવાથી કાર્યકરો તેમજ પક્ષના આગેવાનોનો ઉત્સાહ બેવડાયો છે. અમિત શાહ આગામી તા ૩૦ માર્ચના રોજ બપોરે ૧૨ : ૩૯ ના વિજય મુહુર્તમાં પોતાનુ ઉમેદવારી પત્ર ભરશે. તા ૩૦ માર્ચના રોજ સવારે ૯ કલાકે તેમના અમદાવાદ સ્થિત નિવાસ સ્થાનેથી સવારે ૯ કલાકે રોડ શો નુ આયોજન કરવામાં આવ્યુ છે. આ રોડ શોમાં મોટી સંખ્યામાં કાર્યકરો જોડાશે. અમિત શાહના નિવાસ સ્થાનેથી આ રેલી ઘાટલોડીયા, પ્રભાત ચોક, સરદાર પટેલ સ્ટેચ્યુ પહોંચશે. જયારે આ સ્થળેથી આગળ કાર મારફતે રાષ્ટ્રીય નેતા સહીતનો કાફલો અડાલજ થઈને ગાંધીનગર ઘ-૦ થી સે-૬ માં પહોંચશે. સે-૬ નવરાત્રિ મેદાન પાસે ગાંધીનગર મહાનગર ભાજપ સહીત માણસા, દહેગામ ,પ્રાંતિજ તેમજ ગાંધીનગર ઉત્તર અને દક્ષિણના ૨૫ હજારથી વધુ કાર્યકરો હાજર રહેશે. જયારે વિવિધ સમાજ દ્વારા પણ સે-૬ પાસે સ્ટેજ ઉભુ કરી વૈવિધ્યસભર સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરી અમિત શાહનુ સ્વાગત કરવામાં આવશે. સે-૬ ના મેદાનથી ઉમિયા મંદિર સુધી માનવ સાંકળ રચવામાં આવશે. અંદાજિત એક કી મીની માનવ સાંકળ રચવામાં આવશે. વિવિધ સમાજના આગેવાનો વિવિધ વેશભુષામાં સજ્જ થઈને અમિત શાહનુ સ્વાગત કરશે.

જયારે બપોરે ૧૨ : ૩૯ ના વિજય મુહુર્તમાં અમિત શાહ ગાંધીનગ બેઠક માટે પોતાનુ ઉમેદવારી પત્ર ભરશે. અમિત શાહ ગાંધીનગર ઉમેદવારી નોંધવવા માટે આવવાના હોવાથી ગાંધીનગર મહાનગર ભાજપના આગેવાનો તેમજ કાર્યકરો પુરજોશમાં તૈયારીમાં લાગી ગયા છે.

# સે. ૪/બીમાં પીવાના પાણીના ઓછા ફોર્સથી રહીશો ત્રસ્ત..!!

### આ સાથે વારંવાર ગટર ઉભરાઈ જવી, ગટર સફાઈ બાદ યોગ્ય પુરાણના અભાવે ખાડા રહી જવા જેવી સમસ્યાઓ : સે. ૪-બીની મહિલાઓએ સ્થાનિક નગરસેવિકાને રૂબરૂ બોલાવી રજૂઆત કરી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં સેક્ટર-૪-બીના રહીશો છેલ્લાં કેટલાક સમયથી પીવાના પાણીનો ઓછો ફોર્સ આવવો, ગટરો ઉભરાઈ જવી, ગટરની સફાઈ બાદ ઢાંકણને બંધ કર્યા પછી પુરતુ પુરણ ના કરવાથી વાહનચાલકોએ પરેશાનીનો ભોગ બનવો જેવી વિવિધ સમસ્યાઓથી ત્રસ્ત છે. અનેકવાર તંત્રને રજુઆતો કરવા છતાં તેમની સમસ્યાઓ ના ઉકેલાતા અંતે આ વિસ્તારની મહિલાઓએ સ્થાનિક મહિલા કોર્પોરેટર પાયલબેન મેણાતને બોલાવી લેખિત ફરિયાદ આપવા સાથે તમામ સમસ્યાઓ ઝડપથી ઉકેલવા વિનંતી કરી હતી.

સેક્ટર-૪-બીમાં પ્લોટ નં. ૩૬૮/૨ થી પ્લોટ નં. ૩૮૬/૧ સુધી તેમજ અન્ય કેટલાક સ્થળે પાણીના ફોર્સથી માંડીને અન્ય સમસ્યાઓ



છેલ્લાં કેટલાક મહિનાઓથી ઘર કરી ગઈ છે. આ સમસ્યાઓમાં મુખ્યત્વે પીવાના પાણીનો ફોર્સ તદ્દન ઓછો હોવો, વારંવાર ગટર ઉભરાઈ જવી, ગટરની સફાઈ બાદ કર્મચારીઓ દ્વારા રોડથી નીચેના લેવલે રહેલા ગટરના ઢાંકણ પર યોગ્ય પુરણ ના કરવાથી વાહનચાલકોને પરેશાની જેવી સમસ્યાઓ મુખ્ય છે. આ સમસ્યાઓ અંગે રહીશો દ્વારા અનેકવાર ફરિયાદો નોંધાવવામાં આવી છે પરંતુ તેનો યોગ્ય ઉકેલ લાવવામાં ઉદાસીનતા સેવવામાં આવી રહી છે. ઘણા સમયથી સતાવી રહેલી સમસ્યાઓના કારણે આ વિસ્તારની પરેશાની મહિલાઓએ સ્થાનિક કોર્પોરેટર પાયલબેન મેણાતને રૂબરૂ બોલાવી પરિસ્થિતિનો તાદૃશ્ય ચિતાર આપવા સાથે લેખિત રજુઆત પણ કરી હતી. મહિલાઓની આ ફરિયાદના પગલે કોર્પોરેટર પાયલબેન મેણાતે પાટનગર યોજના ભવન સહિતના તંત્રમાં યોગ્ય અવાજ ઉઠાવવા અને અસરકારક રજુઆત કરી સત્વરે સમસ્યાઓનો ઉકેલ લાવવા પ્રયાસ હાથ ધરવાની હૈયાધારણ આપી હતી.

# પીંપળજ ખાતેના ‘‘આર્યાલયમ’’ કન્યા છાત્રાલયનો પ્રથમ વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના પીંપળજ મુકામે ‘‘આર્યાલયમ્’’ છાત્રાલય ખાતે એક વર્ષ પૂર્ણ થવાના અવસરે પ્રથમ વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. વાર્ષિકોશ્વમાં છાત્રાલયની ધો. ૬ થી ધો. ૧૦ની કન્યાઓએ ઉત્સાહભેર ભાગ લઈ ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતી સાંસ્કૃતિક કૃતિઓ જેવી કે ભદ્રસુકતમ્, આર્યાલયમ્ વગેરે થીમ સાથે દેશભક્તિના ગીતો, અંતાક્ષરી તેમજ ઘુમર નૃત્ય વગેરે પ્રસ્તુત કર્યા હતા.

રાજયમાં સર્વ સમાજની દિકરીઓના ઉત્થાન માટે એક વર્ષ પૂર્વે પીપળજ ખાતે ‘‘આર્યાલયમ્’’ છાત્રાલયનો પ્રારંભ કરાયો હતો. આજે છાત્રાલયને એક વર્ષ પૂર્ણ થવાના અવસરે યોજાયેલા વાર્ષિકોત્સવમાં વિદ્યાર્થીનીઓની કાર્યક્રમ પ્રસ્તુતિ નિહાળી મેહમાનો દંગ રહી ગયા હતા. આર્યાલયમ છાત્રાલયમાં કન્યાઓ માટે સંસ્કાર સામાજિક જાગૃતિ અને વૈવિધ્ય પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે. વાર્ષિકોશ્વમાં સમગ્ર વર્ષ દરમ્યાન ઉત્કૃષ્ઠ દેખાવ કરનાર પ્રથમ ત્રણ ક્રમાંકિત કન્યાઓને સન્માનવામાં આવી હતી. આ પ્રસંગે મહર્ષિ અત્રિ તપોવનના ટ્રસ્ટી ભરતભાઈ ઠુંમર, સંચાલક જયંતિભાઈ ઠુંમર તેમજ અગ્રણી રશ્મિકાન્ત પટેલ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમના આયોજન માટે ગૃહમાતા ભાવનાબેન ઠુંમર તથા ધારા, ઝંખના અને રાજેશ્વરીએ જહેમત ઉઠાવી હતી.



**પીડીપીયુ ખાતે વડિલોની હાજરીમાં ‘‘રંગરેઝા’’..!!**

ગાંધીનગરની પંડિત દિનદયાલ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ‘‘રંગરેઝા’’ ઓપન આર્ટ કોમ્પીટીશન યોજવામાં આવી હતી. જેમાં શાંતિનિકેતન સિનિયર લિવીંગ હોમના વડિલો પણ ઉપસ્થિત રહ્યાં હતા. ‘‘રંગ’’ નામની ફાઈન આર્ટસ ક્લબ તથા રોટારકટ-પીડીપીયુ દ્વારા સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવેલી આ સ્પર્ધામાં કોઈપણ જાતની થીમ વગર તથા માધ્યમની આગ્રહબંધી વગર વિદ્યાર્થીઓએ લાઈવ સંગીતના સથવારે મનોરમ્ય ચિત્રો દોર્યા હતા.

# બારડનું સસ્પેન્શન યથાવત્, હાઈકોર્ટે રિટ અરજી ફગાવી

અમદાવાદ,તા. ૨૭

ચકચારભર્યા ખનીજ ચોરી કેસમાં વિધાનસભા અધ્યક્ષ દ્વારા સસ્પેન્ડ કરાયેલા તાલાલાના કોંગ્રેસના ધારાસભ્ય ભગવાનભાઈ બારડ દ્વારા ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કરાયેલી રિટ અરજીમાં અધ્યક્ષના નિર્ણયને મોકૂફ રાખવાની કરાયેલી માંગણી આજે ગુજરાત હાઈકોર્ટે ગ્રાહ્ય રાખી ન હતી. એટલું જ નહી, તાલાલાની પેટાચૂંટણી પર સ્ટે આપવાનો પણ હાઈકોર્ટે સાફ ઈન્કાર કરી દીધો હતો. હાઈકોર્ટે બારડની સજાને યથાવત્ રાખી હતી અને ભગા બારડની અરજી ફગાવી દઈ તાલાલા બેઠકની પેટા ચૂંટણીનો માર્ગ મોકળો કર્યો હતો. હાઈકોર્ટે ભગવાનભાઇ બારડની અરજી ફગાવી દેતાં વિધાનસભા અધ્યક્ષ દ્વારા તેમને સસ્પેન્ડ કરવાના નિર્ણયને પણ બહાલ રાખ્યો હતો. આમ, હાઈકોર્ટે પૂર્વ ધારાસભ્યને કોઈપણ પ્રકારની રાહત આપવાનો સાફ ઈનકાર કરી દીધો હતો. ખનીજ ચોરી કેસમાં ભગવાન બારડને ધારાસભ્ય પદેથી સસ્પેન્ડ કર્યા બાદ તાલાલા બેઠક પર પેટાચૂંટણી જાહેર કરવાને લઈ ગુજરાત હાઈકોર્ટે અગાઉની સુનાવણીમાં પૃચ્છા કરી હતી કે, જો ધારાસભ્ય ભગવાનભાઈ બારડની સજા સામે સેશન્સ કોર્ટનો સ્ટે હતો તો પછી ચૂંટણી પંચે તાલાલા બેઠકની પેટા ચૂંટણી જાહેર કરવામાં કેમ આટલી ઉતાવળ કરી ? ચૂંટણીપંચનો નિર્ણય સ્પીકરના પત્રને આધારે છે કે કેમ? તેની પણ સ્પષ્ટતા કરવા હાઈકોર્ટે નિર્દેશ કર્યો હતો. જેના અનુસંધાનમાં ગઈકાલે ચૂંટણી પંચે હાઈકોર્ટ સમક્ષ જવાબ રજૂ કર્યો હતો કે, લોકસભા ચૂંટણી સાથે જ પેટા ચૂંટણી થઈ જાય તે માટે બંને ચૂંટણીનું જાહેરનામું સાથે જ બહાર પાડવામાં આવ્યું હતું. ચૂંટણી પંચે સ્પષ્ટતા કરી હતી કે,તાલાલા બેઠકની પેટા ચૂંટણી તા.૧૦ માર્ચે જ જાહેર કરી દેવાઇ હતી કારણ કે, તા.૧૦મી માર્ચ પહેલાં જ પેટા ચૂંટણી જાહેર કરવાનો નિર્ણય લેવાયો હતો. ચૂંટણી પંચ એ વિધાનસભાના સ્પીકરની અપિલેટ ઓથોરિટી નથી. આથી સ્પીકરના નિર્ણયનો રિવ્યૂ કરવાનું કામ પંચનું નથી. સ્પીકર એક વખત પોતાનો નિર્ણય જાહેર કરે અને કોઈ બેઠક ખાલી હોય તો એમાં ચૂંટણી પંચ સમીક્ષા નથી કરતું.

ઉલ્લેખનીય છે કે, ચૂંટણી પંચે બારડના સસ્પેન્શનના ૧૦ દિવસમાં તાલાલા વિધાનસભા બેઠકની પેટાચૂંટણીની જાહેરાત કરી હતી.

# એક્સેસીબીલીટી ઓબ્ઝર્વરની નિયુક્તિ

ગાંધીનગર, તા. ૨૭

ભારતના ચૂંટણીપંચે દિવ્યાંગોની ચૂંટણી પ્રક્રિયામાં ભાગીદારી સુનિશ્ચિત કરવા કેટલાંક પગલાં લીધેલાં છે. અત્યાર સુધી લેવાયેલ પગલાંને વધુ સુદઢ કરવા લોકસભા ચૂંટણી-૨૦૧૯ માટે પહેલીવાર ભારતના ચૂંટણીપંચે એક્સેસીબીલીટી ઓબ્ઝર્વરોની નિમણૂંક કરેલ છે. એક્સેસીબીલીટી ઓબ્ઝર્વરોની મુખ્ય ફરજો સુગમ નિર્વાચન માટેનાં પંચે આપેલા આદેશોના અમલીકરણની દેખરેખ રાખવાની રહેશે. એક્સેસીબીલીટી ઓબ્ઝર્વરો તેમનો અહેવાલ મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી મારફત ચૂંટણીપંચને આપશે. મુખ્યત્વે તેઓએ મતદાન મથકોની મુલાકાત લેવાનું, મતદાર જાગૃતિ ઝુંબેશ, ચૂંટણીતંત્રની તાલિમ, ફરિયાદ નિવારણ વગેરે બાબતોમાં દિવ્યાંગજનો તરફની સંવેદનશીલતા અને કાળજી બાબત નિરીક્ષણ કરશે. નિમાયેલા એક્સેસીબીલીટી ઓબ્ઝર્વરોની યાદી અને તેમને ફાળવાયેલા જિલ્લાઓ નીચે મુજબ છે.

| એક્સેસીબીલીટી ઓબ્ઝર્વરનું નામ | ફાળવાયેલ જિલ્લાઓ |
|---|---|
| આર.એમ. જાદવ, આઈએએસ સેટલમેન્ટ કમિ. શ્રી અને નિયામકશ્રી, જમીન રેકર્ડ, ગાંધીનગર | કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, મોરબી, જામનગર |
| એલ.પી. પાડલીયા, આઈએએસ કમિ. શ્રી ઉચ્ચ શિક્ષણ | અમદાવાદ, અરવલ્લી, ગાંધીનગર, સાબરકાંઠા, બોટાદ, સુરેન્દ્રનગર |
| એસ.એલ. અમરાની, આઈએએસ ખાસ ફરજ પરના અધિકારી, સેટલમેન્ટ કમિ. શ્રી અને નિયામકશ્રી લેન્ડ રેકર્ડ | વડોદરા, છોટાઉદેપુર, દાહોદ, પંચમહાલ, મહીસાગર, ખેડા, આણંદ |
| એન.પી. ઠાકર, આઈએએસ વિકાસ કમિ.શ્રી | રાજકોટ, ભાવનગર, અમરેલી, ગીર-સોમનાથ, જૂનાગઢ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા |
| બી.કે. કુમાર, આઈએએસ અધિક સચિવ, કૃષિ, સહકાર અને ખેડૂત વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર | સુરત, નવસારી, વલસાડ, ડાંગ, તાપી, ભરૂચ, નર્મદા |

